॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences by School of Humanities and Social Sciences Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સ્ટેચ્યુ ઓફ યુનિટી: ગુજરાતના પ્રવાસન સ્થળનો એક અભ્યાસ

**ડો. હસીનાબાનુ એ.બાબરીયા**
**ઇતિહાસ વિભાગ,**
**સરકારી વિનયન અને વાણિજય કોલેજ- મૂળી, સુરેન્દ્રનગર.**

**સારાંશ:**

પ્રસ્તુત લેખમાં પ્રવાસની વ્યાખ્યા, સ્વરૂપ અને પરિબળોની સમજ આપી છે. ગુજરાતના પ્રવાસન સ્થળોનું સાંસ્કૃતિક ,પ્રાકૃતિક અને ઉધોગ તરીકે મહત્વ દર્શાવ્યું છે. સરદાર પટેલનાં ટૂંકા પરિચય સાથે **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના વિઝન, મિશન અને અભિયાનની ચર્ચા થઈ છે. પ્રતિમાના ઉદ્‌ઘાટન, લોકાર્પણ અને નિર્માણમાં વપરાયેલી સામગ્રીઓનું આંકડા સાથે આલેખન થયું છે. આ પ્રતિમાના નિર્માણમાં સહભાગી બની કંપનીઓની અને વિશ્વની અન્ય પ્રતિમાની ઉંચાઇ. બાંધકામનો સમય, ખર્ચ અને પ્રવાસીઓના આગમન વગેરે બાબતોને સાંકળતા બે કોષ્ટકો દ્વારા સમજ આપી છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી**માં આવેલા સ્થળોનો ટૂંકો પરિચય અને અન્ય આકર્ષિત સ્થળોની છણાવટ થઈ છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના પ્રવાસન સ્થળો પ્રવાસન ઉધોગ અને સ્થાનિક રોજગારીમાં કેવી તકો ઉભી કરી છે? તેની વિગતે ચર્ચા થઈ છે.

ચાવીરૂપ શબ્દો: **સ્ટેચ્યુ ઓફ યુનિટી, પ્રવાસન**, **સરદાર પટેલ**, **અભિયાન**, **નિર્માણ**, **ઉધોગ**,

## ૧. પ્રારંભ :

રોજબરોજનાં વાતવરણ માંથી વ્યક્તિ નવી તાજગી, નવો અનુભવ અને મનોરંજન મેળવા માટે પ્રવાસનું આયોજન કરે છે. આથી પ્રવાસની વ્યાખ્યા આ રીતે આપી શકાય કે " વ્યક્તિ પોતાનાં કાયમી નિવાસ અને કાર્યસ્થળથી પ્રવાસી કામચલાઉ રીતે ટૂંક સમય માટે બીજી જગ્યાએ જાય તેને પ્રવાસ કહી શકાય છે". જયાં પ્રવાસી પ્રાકૃતિક, ઐતિહાસીક, દરિયાઇ અને પર્વતીય પ્રવાસન સ્થળોનાં સાંનિધ્યમાં રહી નવો અનુભવ મેળવે છે. આપણા દેશમાં પ્રવાસની

પરંપરાઓ ઘણી જૂની અને પુરાણી છે. જુના સમયમાં વ્યક્તિનાં પ્રવાસનું  કેંદ્ર  ધાર્મિક સ્થળો હતા. જેને આપણે યાત્રા કહેતા.

સમયનાં પ્રવાહની સાથે પ્રવાસીઓની પ્રવાસમાં રસ અને રૂચી વધી છે.પ્રવાસી પ્રવાસનને વધારે આરામદાયક અને સુવિધાઓ સભર બનાવા માટે વધારે બજેટ ખર્ચી શકે તેવી શક્યતાઓ વધવા લાગી છે. આથી પ્રવાસનાં સ્થળો અને તેનાં સ્વરૂપોમાં સમયાંતરે પરિવર્તનો આવ્યા. આ પરિવર્તનોની પાછળ ભૌતિક સુવિધાઓ, આર્થિક સમૃધ્ધિ, વાહન-વ્યવહાર, પ્રવાસન સ્થળોની સુવિધાઓમાં વધારો, સમૂહ માધ્યમોનો પ્રચાર વગેરે પરીબળો જવાબદાર હતા.

૨૧મી સદીમાં પ્રવાસનનાં સ્વરૂપોમાં નવો વળાંક આવ્યો છે.પ્રવાસી હવે સ્લમ ટૂરિઝમ, ડાર્ક ટુરિઝમ, વોર ટુરિઝ્મ અને ડિઝાસ્ટર ટુરિઝમ, આરોગ્ય ટુરિઝમ, વગેરે તરફ આકર્ષિત થયો છે. પ્રવાસી આરામદાયક સુવિધાઓ સાથે, આ નવીન પ્રવાસ સ્થળોનાં સ્વરૂપોનો આનંદ માણી રહયા છે.

ગુજરાત, પ્રવાસન ક્ષેત્રે અનેક પ્રવાસન સ્થળોનો સમૂહ રહ્યો છે. ગુજરાતમાં પર્વતીય, દરિયાઇ, વન વિભાગીય, આરોગ્ય, ઐતિહાસિક અને ધાર્મિક પ્રવાસન સ્થળો આવેલા છે. જે ગુજરાતનાં પ્રાચીન સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. પ્રાચીન સમયથી ગુજરાતની સમૂધ્ધિ અને વારસાની નોંધ અનેક પ્રવાસીઓએ કરી હ્તી. ગુજરાતમાં કુદરતી સૌંદર્ય અને માનવીય પુરુષાર્થના સમન્વયથી અનેક પ્રવાસન સ્થળો ઉભરી આવ્યા છે. માનવીય પૂરૂષાર્થ, સરકારનું ચોક્કસ આયોજન,બઝેટ,ભૌતિક સુવિધાઓ વગેરે દ્વારા આ ઉભરતા પ્રવાસન સ્થળો આગામી સમયમાં ગુજરાતને  પ્રવાસન ઉધોગ તરીકે અને રોજગારી મેળવા માટે કટીબધ્ધ બનાવ્યું છે.

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે મોરપીંછ સમું **સ્ટેચ્યુ ઓફ યુનિટી** અને તેના વિવિધ પ્રવાસન સ્થળોએ, ગુજરાત પ્રવાસન ક્ષેત્રે નવી દિશા આપી છે. આ પ્રતિમા સરદાર પટેલની યાદમાં બની છે. સરદાર પટેલને શ્રધ્ધાંજલી અર્પિત કરવા આ પ્રતિમાનું નિર્માણ થયું છે. ભારતના ઇતિહાસમાં સરદાર પટેલનું વ્યક્તિત્વ અને પ્રદાન પ્રેરણા સ્રોત્ર રહ્યું છે. પ્રખર રાષ્ટ્ર ભકત,ભારતીય એકતાના પ્રતિક, મુસદ્દી અને સ્વાતંત્ર્ય બાદ ભારતની અસ્થિર સ્થિતિને સ્થિર કરનાર સરદાર પટેલ હતા, નર્મદાનાં કિનારે વિશ્વની ઉંચી સરદારની પ્રતિમાને જોઇને તેમના વ્યક્તિત્વનો પરિચય થાય છે.

ભારતને પ્રજાસતાક અને અખંડ રાષ્ટ્ર બનાવા સરદાર પટેલની ભૂમિકા મહત્વની રહી હતી. પોતાની કુનેહથી ૫૬૨ દેશી રાજ્યોને એકત્રીકરણ કરી ભારતનું નવનિર્માણ કર્યું છે.

આમ ગુજરાતનાં સપૂત સરદાર પટેલે એક ભારત, શ્રેષ્ઠ ભારતનો પાયો નાખ્યો હતો. જેને વધારે મજબૂત બનાવવા આ પ્રતિમા બની હતી. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** ભારતીય એકતાનાં પ્રતિક સમી છે. આ **સ્ટેચ્યુ ઓફ યુનિટી**નો પ્રારંભ, નિર્માણ, વિકાસ અને પ્રવાસ સ્થળ તરીકે મહત્વ વગેરે વિશે વિગતવાર સમજીએ .

## ૨. સ્ટેચ્યુ ઓફ યુનિટી : વિઝન, મિશન અને અભિયાન

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના પ્રોજેક્ટનું સમગ્ર સંચાલન સરકારશ્રીએ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને સોપ્યું હતું. આ ટ્રસ્ટ દ્વારા પ્રતિમાનાં નિર્માણના વિઝ્ન, મિશન અને અભિયાન નીચે પ્રમાણે આપી શકાય.

### ૨.૧. વિઝન:

૨.૧.૧. ભારતની ભાવી પેઢીઓ માટે આ પ્રતિમા અનંત પ્રેરણા સ્ત્રોત્ર બની રહેશે.

૨.૧.૨. ભારતના અલગ-અલગ પ્રાંતોમાં રહેલા લોકો વચ્ચે લોખંડી સંબંધોનું કાર્ય કરશે.

૨.૧.૩. ભારતની દ્દઢ્તા, એકતા અને ક્ષમતાનો વિશ્વને પરિચય કરાવશે.

૨.૧.૪. પ્રતિમાની અનોખી વિશેષતા થકી સામાજીક અને આર્થિક વિકાસ સધાશે.

### ૨.૨. મિશન:

૨.૨.૧. પ્રવાસીઓ માટે પ્રાથમિક સુવિધાઓ વધારવી અને વિકાસ કરવો.

૨.૨.૨. ઉચ્ચ કક્ષાનું શિક્ષણ, આરોગ્ય અને ઇકો- પ્રવાસનો વિકાસ સાધવો.

૨.૨.૩. સ્થાનિક રોજગારીનું નિર્માણ કરવું.

૨.૨.૪. સ્થાનિક ગ્રામીણ સમુદાયનો સર્વાંગી વિકાસ કરવો.

૨.૨.૫. સંશોધકો, તજજ્ઞો અને અભ્યાસુ માટે અભ્યાસનો વિષય બનશે.

૨.૩. અભિયાન:

### ૨.૩.૧. લોહ અભિયાન :

સરદાર મૂળે ખેડૂત અને અનેક ખેડુત ચળવળનું નેતૃત્વ કર્યું હતું.સરદાર જીવન પર્યંત ખેડુતના હિતો અને તેમણી ભાવનાઓ સાથે જોડાયેલા હતા. આ પ્રતિમાનાં નિર્માણમાં ખેડુતો સહભાગી બન્યા હતા. સરકારશ્રી એ લોહ અભિયાન દ્વારા ભારતભરનાં ખેડુતોને આ પ્રોજેક્ટમાં સામેલ કર્યા હતા. દેશનાં ખેડુતો પોતાના વપરાયેલા કૃષી સાધનો દાનમાં આપી. આ ભવ્ય પ્રતિમામાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

સમગ્ર ભારતનાં ખેડુતોએ સરદારને ભાવાંજલી આપવા માટે કુલ ૧,૬૯,૦૭૮ સ્થળોથી માટી અને ખેત ઓજારો એકત્ર કરાયા હતા. અંદાજે ૫૦૦૦ ટ્ન લોખંડ એકત્ર થયું હતું.

આ લોહ અભિયાનમાં એકત્ર થયેલ લોખંડના સળીયા બનાવી , પ્રતિમામાં ઉપયોગ કરાયો હતો અને માટી માંથી વેલી ઓફ યુનિટીનું નિર્માણ થયું હતું.

### ૨.૩.૨. રન ફોર યુનિટી અને ડિઝીટલ અભિયાન :

સન-૨૦૧૩માં રન ફોર યુનિટીનું આયોજન થયું અને સમગ્ર દેશમાંથી ૬,૦૯,૦૦૦ લોકોએ ભાગીદારી નોંધાવી હતી. આ વિક્રમજનક દોડનો હેતું આ પ્રોજેક્ટ સાથે જન ભાગીદારી નોંધાવનો હતો અને તેમાં અભૂતપૂર્વ સફળતા મળી હતી.આ સાથે પ્રોજેક્ટ પર વૈશ્વિક પ્રચાર અને પ્રસાર થાય તે હેતું માટે ડિઝીટલ માધ્યમ અભિયાન બહોળા પ્રમાણમાં ઉપયોગી બન્યું હતું. આ માધ્યમોની પ્રવૃતિઓ ડિઝીટલ જાહેરાત, સેલ્ફી સ્પર્ધા, વન- ક્લિક પ્રોસેસ, માર્કેટીંગ પ્રવૃતિઓ, વગેરે આ  પ્રતિમાનાં પ્રચાર અને પ્રસારના માધ્યમો બન્યા હતા.

## ૩. સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ :

**સ્ટેચ્યુ ઓફ યુનિટી** કુદરતી સૌંદર્ય અને રમણીય વતાવરણનાં સુભગ સમંવય વચ્ચે સ્થાપીત છે. આ પ્રતિમાની આજુ બાજુ વિધ્યાચળ અને સાતપુડાની ગિરિમાળાઓ અને રેવાનાં નીર વગેરે પ્રાકૃતિક સૌંદર્યોથી, આ પ્રતિમા અતિ ભવ્ય લાગે છે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી** ઇ.સ. ૨૦૧૩ થી ઇ.સ.૨૦૧૮ સુધીનો સમય તેનાં નિર્માણ કાળ રહ્યો છે. સરકારશ્રી દ્વારા અનેક બેઠકો તથા અનેક પ્રોજેક્ટોની મંજૂરી બાદ આ પ્રતિમાને આખરી ઓપ અપાયો છે. આ પ્રોજેકટ્ના નિર્માણમાં મા. વડાપ્રધાનની પ્રેરણા અને નિરીક્ષણ મહત્વની ભૂમિકા જવાબદાર હતી. આ સમગ્ર પ્રોજેકટ સરદાર સરોવર નર્મદા નિગમ લી.ની દેખરેખ હેઠળ થયો હતો અને આ ઉપરાંત  આ પ્રતિમાનાં નિર્માણમાં અન્ય અનુભવ વાળા દેશ અને વિદેશની કંસલ્ટંટ્સ કંપનીઓએ પણ યોગદાન રહ્યું હતું. આ કંપનીઓ અને તેની શું કામગીરી હતી. જે નીચે પ્રમાણે કોષ્ટક દ્વારા સમજીએ .

| **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના કામગીરી કરનાર કંપનીઓ | | |
|---|---|---|
| ક્રમ | કંપની | કામગીરી |
| ૧. | ટર્નર પ્રોજેક્ટ મેનેજમેન્ટ ઇંડિયા પ્રા. લિ. | પ્રોજેક્ટ મેનેજમેન્ટ |
| ૨. | મેઇનહાર્ટ ઇંડિયા પ્રા. લિ. | સ્ટ્રકચરલ એન્જિનિયર |
| ૩. | માઇકલ ગ્રેવ્સ | આર્કીટેકટ |
| ૪. | ટી.પી.એમ.આઇ. એલ. | પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને કંસ્ટ્રકશન મેને. |
| ૫. | ઇ.જી.આઇ.એસ.ઇંડિયા અને ટાટા કંસલ્ટિંગ એંજિ. લિ. | પ્રુફ કંસલ્ટંટ |
| ૬. | એલ એંડ ટી | એન્જિનિયર પ્રોક્યોર્મેંટ અને અન્ય ઇજારાઓ |

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના ડિઝાઇન રામવનજી સુધારે બનાવી હતી. જ્યારે સમગ્ર પ્રતિમાના આર્કિટેકટ જોસેફ મેના હતા. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું બહુમાન **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ને જાય છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** અને વિશ્વની અન્ય પ્રતિમાઓ સાથે તુલનાત્મક અભ્યાસ દર્શાવતો કોષ્ટક નીચે પ્રમાણે સમજીએ. આ તુલનાત્મક કોષ્ટકમાં ઉંચાઇ, ખર્ચ, પ્રતિમાનો સમયગાળો અને વર્ષ, અને ૨૦૧૯માં આગમન થયેલ પ્રવાસીઓ વગેરે બાબતોની સમાવિષ્ટ છે.

| વિશ્વ પ્રતિમાઓ અને **સ્ટેચ્યુ ઓફ યુનિટી** | | | | |
|---|---|---|---|---|
| PARAMETERS | STATUE OF UNITY | STATUE OF LIBERTY | SPRING TEMPLE BUDDHA | CHRIS THE REDEEMER |
| COST | $450 MILLION | $250,000 MILLION | $ 18 MILLION | $250,000 MILLION |
| YEARS | 2018 | 1886 | 2008 | 1931 |
| TIME | 33 MONTH | 11 | 11 | 9 |
| TOURIST-2019 | 15,036 | 10,000 | 2800 | 5500 |
| HEIGHT | 182 M | 93 M | 153 M | 39 M |

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મા. વડાપ્રધાન હતા ત્યારે ૩૧ ઓક્ટો.-૨૦૧૩નાં રોજ સરદાર પટેલની ૧૩૮મી જયંતી નિમિતે **સ્ટેચ્યુ ઓફ યુનિટી**નો શિલાન્યાસ કર્યો હતો. જ્યારે તેનું વાસ્તવિક બાંધકામની શરૂઆત ૧૯ ડીસે- ૨૦૧૫થી આરંભ થયો અને માત્ર વિક્રમી સમય ૩૩ માસમાં આ પ્રતિમાનું બાંધકામ પૂર્ણ કરાયું.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના બાંધકામમાં લોહ અભિયાનમાં એકત્ર કરાયુ કુલ ૧૩૪.૨૫ મેટ્રિક ટન લોખંડ્ને પીગાળીને ૧૦૯.૧૭ મેટ્રિક ટનનાં સળીયા, ૭૦,૦૦૦ મેટ્રેક ટન સિમેંટ, ૧૮,૫૦૦ મેટ્રિક ટન અન્ય સળીયા અને ૬૦૦૦ મેટ્રિક ટન સ્ટીલ અને ૧૭૦૦ મેટ્રિક ટન કાસુ વગેરે સામગ્રીઓનો ઉપયોગ થયો હતો. જ્યારે સમગ્ર ખર્ચ રૂ. ૨૯૮૯ કરોડ થયો. ૨૫૦ ઇજનેરો, ૩૭૦૦ કુશળ કારીગરોના શ્રમ અને ૧૯૦૦૦ સ્કેવર મીટર વિશાળ જ્ગ્યા ઉપયોગ થયો હતો

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના પગની લંબાઇ ૮૦ ફુટ, હાથની લંબાઇ ૭૦ ફુટ, ખંભાની ઉંચાઇ ૧૪૦ ફુટ અને ચહેરાની ઉંચાઇ ૭૦ ફુટ છે. જ્યારે આ પ્રતિમા ૨૨,૬૦૦ ચો.મી બ્રોંજ આવરણ અને ૧૭૦૦ મેટ્રિક ટન વજન ધરાવે છે.૧૫૩ મીટરે પ્રેક્ષક ગેલેરી બનાવી છે. જ્યા ૨૦૦ પ્રવાસીઓ એક સાથે બહારનું સૌંદર્ય નિહાળી શકે છે. આ ૧૫૩ મીટરે જવા માટે ૪ હાઇસ્પીડની લિફ્ટ મુકવામાં આવી છે. જે ૩૦ સેક્ન્ડમાં પ્રતિમાના હાર્ટ સુધી પહોંચી શકે છે.આ પ્રતિમા સુધી

પહોંચવા ૩૦૦ મીટરનો પુલ છે. આ પ્રતિમાને ૬.૫ તીવ્રતાના ભૂકંપ કે ૧૮૦ કિ.મી ઝડપી પવન સામે અડગ રહે એ રીતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થયો છે.

સરદાર પટેલની ૧૪૩મી જયંતી ૩૧ ઓક.-૨૦૧૮ના રોજ નર્મદા નદીના સાધુ બેટ પર સ્થિર આ પ્રતિમાને મા. વડાપ્રધાન દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને ૩૦ પ્રવિત્ર નદીઓના નીરથી  જળાભિષેક કરી, તેનું લોકાર્પણ કરાયું અને સાથે વેલી ઓફ ફ્લાવર્સ, ટેન્ટ સીટી અને વેલી ઓફ યુનિટીનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

**૪. પ્રવાસન સ્થળો**:

વિધ્યાચળ અને સાતપુડાની ગીરીમાળાઓનું પ્રાકૃતિક સૌંદર્ય અને નર્મદાના નીરનું રમણીય વાતારવણ વચ્ચે **સ્ટેચ્યુ ઓફ યુનિટી**નો આજુ બાજુ નો વિસ્તારોથી ઘેરાયું છે. પ્રવાસીઓને આકર્ષવા માટે આરોગ્ય વર્ધક, બાળકેન્દ્રિત અને પ્રાકૃતિક ઉધાનો પ્રવાસન સ્થળોનું નિર્માણ કરાયું છે. પ્રવાસીઓને મનોરંજન, જ્ઞાન અને પ્રેરણાદાયક પ્રવાસન સ્થળોનો ટૂંકો પરિચય મેળવીએ.

**૪.૧.લેસર લાઇટ એન્ડ સાઉન્ડ શો** :

લેસર ટેક્નોલોજીની મદદથી આ શો યોજાય છે. જે સોમવાર સિવાય દરરોજ યોજાય છે. વિધાર્થીઓ અને પ્રવાસીઓ માટે આ શોનું અનેરુ મહત્વ છે. રંગબેરંગી લેસર લાઇટીંગ સિસ્ટમ દ્વારા સરદાર પટેલનું જીવન અને કવન, સ્વાતંત્ર્ય ચળવળમાં ભૂમિકા અને ભારતના એકીકરણમાં યોગદાન વગેરે ઘટનાઓ આવરી, આ શો યોજાય છે. આ સાથે સરદારના જીવન આધારીત ૪૦,૦૦૦ દસ્તાવેજો અને ૨૦૦૦ થી વધારે ફોટો વગેરેનું પ્રદર્શન છે.

**૪.૨.આરોગ્ય વન** :

પ્રાચીન સમયથી ભારતીય સમાજજીવનમાં ઔષધી વનસ્પતિઓનું મહત્વ અને ઉપયોગ રહ્યો છે. આ બાબતને કેંદ્રમાં રાખી **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ની નજીક આરોગ્ય વન તૈયાર કરાયું છે. આ વન ૧૭ એકરમાં ફેલાયેલું છે. તેનો હેતુ આરોગ્ય વર્ધક અને સુખાકારી વનસ્પતિઓને માનવજીવનમાં કંઈ રીતે ઉપયોગી બને તે છે. વનમાં પ્રવેશતા જ સૂર્ય નમસ્કારના ૧૨ મોટા પોસ્ટરો છે. જે સૂર્ય નમસ્કારનું મહત્વ દર્શાવે છે. એક ‘ઔષધ માનવ’ ની આરામની મુદ્રામાં માનવ આકૃતિ મૂકી છે. જેના દરેક અંગોમાં જે ઔષધીઓ લાભકારીઓ છે તે દર્શાવ્યું છે. આ વન પાંચ ભાગોમાં વિભાજીત છે. જેના દરેક ભાગમાં અલભ્ય અને અમૂલ્ય જડીબુટ્ટિઓ ઉગાડીને તેનું મહત્વ સમજાવ્યું છે. આ ઉપરાંત આ વનમાં પંચકર્મ, યોગ, નેચરોપેથી, બાથ,

માલીશ વગરેથી થતા ફાયદાઓની જાણકારી મળે છે. આમ માનવના આરોગ્યને કેંદ્રમાં રાખી, આ વન તૈયાર કરાયું છે.

### ૪.૩.વેલી ઓફ ફ્લાવર :

ભારતીય વન તરીકે વેલી ઓફ ફલાવર જાણીતું બન્યું છે.તેનો પ્રારંભ ૨૦૧૬થી ૪૮,૦૦૦ ફુલ છોડ થયો હતો.હાલ ૨૨,૦૦૦૦૦ ફુલ છોડ અને ૩૦૦ થી વધારે તેની પ્રજાતિઓ છે. આ બગીચો ૨૪ એકરમાં ફેલાયેલો છે. શાંત વાતાવરણ અને ફુલોનું અનેરુ આકર્ષણ પ્રવાસીઓનું મન આનંદીત બને છે. પ્રવાસીને બગીચાની મુલાકાત યાદગાર રહે તે હેતું થી ફોટો બૂથ અને સેલ્ફી પોઇંટ્ની સુવિધા છે.

### ૪.૪.ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક :

આ પાર્ક‘ યોગ્ય પોષણ, દેશ રોશન’ શીર્ષક હેઠળ રચાયો છે. જે બાળ કેંદ્રીત છે. આ પાર્કનો હેતું જ્ઞાન, મનોરંજન સાથે વાલીઓ બાળકોનું આરોગ્યની જાળવણીનો છે. તેના વિકાસમાં ન્યુટ્રીશનીસ્ટ રુજુતા દીવાકરે મહત્વનું યોગદાન આપ્યું છે. આધુનિક ટેકનોલોજીથી સજ આ પાર્કનું મુખ્ય આકર્ષણ ન્યુટ્રી ટ્રેન છે. જે ૬૦૦ મીટર લાંબી છે. આ ટ્રેનનાં પાંચ સ્ટેશન પર બાળ સંભાળ આધારિત માહિતિ અને સમજણ ગાઇડ દ્વારા અપાઇ છે. છે.આ પાર્ક રમત અને જ્ઞાનનો સુભગ સમંવય ધરાવે છે. સહ પરિવાર સાથે મુલાકાતનો લાહવો અનેરો છે.

### ૪.૫.જંગલ સફારી:

જંગલ સફારી દેશ અને વિદેશના પશુ અને પક્ષીઓના અનોખા સંગ્રહનું આધુનિક પાર્ક છે. જે ૩૭૫ એકરમાં ફેલાયેલું છે. જેમાં આફ્રિકા, ઑસ્ટ્રેલીયા, એશિયા, અમેરીકા વગેરે દેશોના ૧૮૬ થી વધારે વન પ્રાણીઓનું ઘર છે. સૌથી વિશેષ આકર્ષણ પક્ષીઘર છે. આ પક્ષીઘરમાં દેશ અને વિદેશના અનેક રંગબેરંગી પક્ષીઓ પ્રવાસીઓનું મન હરી લે છે. આ પક્ષીઘર અનેક પક્ષીવિદો માટે અભ્યાસનું ઉતમ સ્થળ બની રહ્યુ છે.

### ૪.૬.અન્ય પ્રવાસન સ્થળો :

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના ઉપરોક્ત પ્રવાસન સ્થળો મુખ્ય આકર્ષણ રહ્યા છે.તેની સાથે પ્રવાસીઓની રસ અને રૂચી અનુસાર નીચેના પ્રવાસન સ્થળોની મુલાકાત,કાયમી સંભારણ બની રહે છે. આ પ્રવાસન સ્થળોમાં બટર ફ્લાય ગાર્ડન, કેક્ટસ ગાર્ડન, એકતા નર્સરી, વિશ્વ વન, યુનીટી ગ્લો ગાર્ડન, સરદાર સરોવર બંધની યાત્રા, શુરપાણેશ્વર મંદિર,નૌકા- વિહાર, સાયકલીંગ પ્રવાસ અને રાફટીંગ વગેરે છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** – ગુજરાત પ્રવાસન ક્ષેત્રે પ્રવાસનતીર્થ બની

રહ્યું છે. આ પ્રવાસન સ્થળે પ્રવાસી જ્ઞાન, મનોરંજન અને હળવાસની પળોથી વિદાય લે છે અને સરદાર પટેલનું વિરાટ વ્યક્તિત્વ, અડગતા તથા મક્કમતા ગુણો ગ્રહણ કરે છે.

## ૫. રોજગારીની તકો :

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના પ્રવાસન સ્થળોએ અનેક નાના- મોટા ગૃહ ઉધોગને જીવંત કર્યા છે. આ ઉધોગોથી અનેક લોકોને રોજગારીની તકો ઉભી કરી છે. આ પ્રોજેકટના મિશનમાં સ્થાનિક ગ્રામિણ રોજગારીનો વિકાસ સાધવો, જે હેતુ સાર્થક બન્યો છે.રોજગારીઓની તકો ઉભી થાય તે હેતુથી એકતા મોલ ખરીદીનું મુખ્ય કેંદ્ર છે. આ મોલમાં ભારતના વિવિધ રાજ્યોના હેંડલૂમ, હેંડીક્રાફ્ટ, અને કાપડ શો રૂમ વગેરેને પ્રોત્સાહીત કરાયા છે. એસ.ઓ.યુ. શોપ પણ છે જેમાં પ્રતિમાની છાપવાલી અનેક કલાત્મક વસ્તુઓ મળી રહે છે. પ્રવાસીઓને ખાણી-પીણાને કેંદ્રીત ફુડ પોઇંટ છે. જે એકતા ફુડ, ફુડ કોર્ટ, અમૂલ કાફે, વગેરેમાં પ્રવાસીઓ અવનવી વાનગીઓનો આનંદ માણી શકે છે.

આદિવાસી હસ્ત ઉધોગને પ્રોત્સાહન માટે એકતા હસ્ત કલા મોલનો આરંભ કરાયો છે. જેમાં વાસની બનાવટો, સોપારીના પાનનાં વાસણો, માટીનાં પોર્ટ, ચાકળાઓ વગેરે કલાત્મક વસ્તુઓનાં વેચાણથી સ્થાનિક રોજગારીની તકો ઉભી થઈ છે. ખેડુતો માટે પણ આ પ્રવાસન સ્થળ લઘુ ઉધોગોની તકો લાવ્યું છે. જમીન વગરની ખેતી અને મધમાખી ઉછેર કેદ્રના એકમો સ્થપાયા છે. આ એકમોમાં નવી ટેકનોલોજી દ્રારા વધુ ઉત્પાદનની રીતોની સમજ આપી છે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**ની મુલાકાતે આવનાર દેશ વિદેશના પ્રવાસીઓ રોજગારીના સ્ત્રોત છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના સ્થળોની એક દિવસે મુલાકાતે આવનાર પ્રવાસીઓની સંખ્યા ૧૫૦૦૦થી પણ વધારે છે. આ દેશ અને વિદેશના પ્રવાસીઓ રોજગારીઓ, વિદેશી હુંડિયામણ અને ગુજરાતના પ્રવાસના ઉધોગને ગતી આપે છે. આમ **સ્ટેચ્યુ ઓફ યુનિટી** ગુજરાતના પ્રવાસન ઉધોગ અને રોજગારીની તકોનું માધ્યમ બન્યું છે.

## ૬. તારતમ્ય :

ગુજરાત પ્રવાસન સ્થળો પ્રત્યે પ્રવાસીઓ ઉદાસી દાખવી રહ્યા હતા. જેમાં પ્રવાસીઓને માળખાગત સુવિધાઓનો અલ્પ વિકાસ પરિબળ જવાબદાર હતા. અનેક ભૌતિક અને માલખાગત સુવિધાઓને લક્ષમાં રાખી **સ્ટેચ્યુ ઓફ યુનિટી**નું નિર્માણ થયું છે. આથી દેશ અને વિદેશના પ્રવાસીઓનું મુખ્ય આક્રષણ બની રહ્યુ છે. આ પ્રતિમાએ ગુજરાતને આદર્શ પ્રવાસન સ્થળ તરીકે ગતિ આપી છે. વિવિધ રાજ્યોનાં ભાતીગળ સંસ્કૃતિવાળા ભારતીયો, એકતા નગરમાં એકત્ર થયા છે. જ્ઞાન અને મનોરંજન સાથે વિલાય લે છે.

એક સમય હતો કે નર્મદા અને તેની આજુ બાજુના વિસ્તારોમાં પ્રાકૃતિક સૌંદર્ય માણવા પ્રવાસીઓનું આંશિક આગમન હતું. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** બાદ અનેક દેશ અને વિદેશના પ્રવાસીઓ આગમન વધી રહ્યું છે. જ્યાં આંશિક રોજગારી હતી ત્યાં રોજગારીઓની વિપુલ તકો ઉભી થઇ છે. સમગ્ર જીલ્લાનું નવીનીકરણ થયું છે. ગુજરાતનાં સાંસ્કૃતિક વારસાની નોંધ વિશ્વ કક્ષાએ લેવાઈ છે. આ પ્રતિમા થકી સરદાર પટેલના વ્યક્તિત્વ અને કાર્યને વિશ્વ સ્તરે ઓળખ મળી છે. પ્રવાસીઓ સામાજીક એકતા અને સમરસતાનો બોધ લઈને વિદાય લે છે

- **સંદર્ભ સૂચી** :


૧. કોરાટ, ડૉ.પી.જી., ઇતિહાસમાં પ્રવાસન વિનિયોગ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.,૨૦૦૪.

૨. ગાંધી,રાજમોહન, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૧૯૯૪.

૩. ઠાકર ધીરુભાઇ (સં), ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ, તૃ.આ.૨૦૦૬

૪. બંસલ,રશ્મિ, પ્રવાસ તમને સંસ્કૃતિનો પરિચય...., લેખ, દિવ્ય ભાસ્કર, તા.૨૪-૧૧-૨૦૨૧

૫. દેસાઇ, મહેબૂબ, ગુજરાતમાં પ્રવાસન, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ., ૨૦૦૬.

૬. पटेल,रावजीभाई म. हिन्द के सरदार,नवजीवन प्रकाशन, अमदावाद, प्र.आ., २०१३.

૭. नेगी, जगमोहन,पर्यटन एवं यात्रा के सिध्धांत, तक्षशीला प्रकाशन, दिल्ही, प्र.आ., २००७

૮. नेगी,जगमोहन,आधुनिक पर्यटन एवं यात्रा के आधारभूत सिध्धांत, तक्षशीला प्रकाशन, दिल्ही,प्र.आ., २०१०

૯. जोषी, अतुल, (सं), ईको- टुरिझम, तक्षशीला प्रकाशन, दिल्ही, प्र.आ., २०१३.

૧૦.शर्मा, संजय कुमार, पर्यटन एवं पर्यटन उत्पाद, तक्षशीला प्रकाशन, दिल्ही,प्र.आ., २०१४.

૧૧. ता. २५-१२-२०२१ को STATUE OF UNITY की मुलाकात

૧૨.Gujarattourism, Khushabu Gujarat ki- Magazine,Gandhinagar, online-2018

૧૩.Sarbjit sinh, The Statue of Unity: A Boost for Tourism - A Case Study from India, (Article),Academy of marketing Studies journal, vol-25, issue-2,2021

૧૪. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-६, अंक-२१ ( जुलाई- सिते.)पर्यटन मंत्रालय, भारत सरकार, दिल्ही, २०२०

૧૫. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-५, अंक-२० ( अप्रेल-जून) पर्यटन मंत्रालय, भारत सरकार, दिल्ही, २०२०